જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૪/૦૬/૨૦૨૬ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૮૮૦/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૮૫ કેસ કરી, ૮૩ વ્યક્તિઓને ઝડપી, ૩૬૯ લીટર દેશી દારૂ, ૧૫૬ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૮ બીયર ટીન, ૦૧ રીક્ષા અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૮ કેસ કરી, ૨૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૭૬,૨૫૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૮૮૧/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૬૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૮૮૨/૨૦૨૬**

બોડકદેવઃ જીગરભાઇ પ્રવિણકુમાર પટેલ (ઉ.વ.૩૩)(રહે.ટેક્સાસ–૨ પેટ્રોલ પંપ પાછળ રાયસણ ગાંધીનગર) એ તા.૨૩/૦૬/૨૦૨૬ ના રોજ બોડકદેવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૬/૦૮/૨૦૨૪ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન થલતેજ ઝાયડસ હોસ્પીટલ નજીક “શક્તિ એક્ષટોલ” ખાતે આરોપી (૧) ગ્રોવિંગ ગ્લોબ ઇમીગ્રેશન (ઝાયડસ હોસ્પીટલ નજીક શક્તિ એક્ષટોલના ડાયરેકટર જીનલ આકાશ પંચાલ (હાલ રહે– કેનેડા મુળ રહે.અક્ષત બંગલોઝ ગ્રાંન્ડ કેમ્બે હોટલ પાસે થલતેજ) (૨) દર્શન મહેન્દ્રભાઇ પંચાલ (રહે.અક્ષત બંગલોઝ ગ્રાંન્ડ કેમ્બે હોટલ પાસે થલતેજ) (૩) હર્ષ મિસ્ત્રી (રહે.સીટી સેન્ટર–૨ સાયન્સ સીટી રોડ સોલા મુળ રહે.સિધ્ધી ગાર્ડન વ્યુ જી.ઇ.બી ની બાજુમા ડી.પી.એસ સ્કુલ રોડ બોપલ) અને (૪) ભાર્ગવ પંચાલ (રહે.શક્તિ એક્ષટોલ ઝાયડસ હોસ્પીટલ નજીક થલતેજ) નાઓએ ભેગામળી જીગરભાઇ પટેલ પાસેથી કેનેડાના જવા સારૂ વર્ક વિઝા કરાવી આપવાનુ કહી રજીસ્ટ્રેશન ફી તેમજ અન્ય ખર્ચા પેટે બેંક ખાતાના ચેક તેમજ ઓનલાઇન મારફતે કુલ રૂપિયા ૨૬,૮૬,૨૩૬/– મેળવી લઇ આજદિન સુધી વિદેશના વર્ક વિઝા નહી આપી તેમજ રૂપિયા પણ પરત નહી આપી જીગરભાઇ પટેલ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.ડી.વાઘેલા ચલાવે છે.

વાડજઃ મિત્તલબહેન હિરેનભાઇ મકવાણા (ઉ.વ.૩૦)(રહે.વાસુકીનગર રેલ્વે ક્રોસીંગ પાસે નવા વાડજ) એ તા.૨૩/૦૬/૨૦૨૬ ના રોજ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૭/૦૬/૨૦૨૫ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) કાંતીભાઇ ભીમજીભાઇ પરમાર (રહે.સરખેજ (૨)જયેશભાઇ તળશીભાઇ ચાવડા (રહે.ગામ– મોરૈયા તા.સાણંદ જી.અમદાવાદ) એ ભેગામળી મિત્તલબહેન ને ઔડા આવાસ યોજનામાં મકાન અપાવવાનુ કહી વિશ્વાસમાં લઈ કુલ રૂપિયા ૪૪,૫૦૦/– ઓનલાઇન ટ્રાન્સફર કરાવી લઇ ઔડા આવાસ યોજનામાં મકાન નહીં અપાવી તેમજ રૂપિયા પરત નહી કરી મિત્તલબહેન સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.સી.સંગાડ ચલાવે છે.

ઈસનપુરઃ સુરેશભાઈ સાકળચંદ રાણા (ઉ.વ.૫૬)(રહે. કામેશ્વરપાર્ક ઘનશ્યામનગર સોસાયટીની બાજુમાં ઘોડાસર કેનાલ રોડ ઈસનપુર) એ તા.૨૩/૦૬/૨૦૨૬ ના રોજ ઈસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૧/૦૫/૨૦૨૬ બપોરના ૧૨/૦૦ વાગ્યાના સુમારે અજાણી વ્યક્તિએ સુરેશભાઈનો મોબાઈલ ફોન હેક કરી તેમના કેનેરા બેંકના ખાતામાંથી કુલ રૂપિયા ૯૯,૦૦૦/– ઓનલાઈન ટ્રાન્સફર કરી લઈ સુરેશભાઈ સાથે છેતરપિંડી કરી હતી.આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી બી.એસ.જાડેજા ચલાવે છે.

વેજલપુરઃ મકબુલહુસૈન નબીભાઈ મંસુરી (ઉ.વ.૬૪)(રહે.ખાદિમ સોસાયટી ફારૂકે આજમ સ્કુલ સામે રોયલ અકબર ટાવર પાછળ જુહાપુરા) એ તા.૨૩/૦૬/૨૦૨૬ ના રોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે મકબુલહુસૈન મંસુરી તા.૨૦/૦૬/૨૦૨૬ સવારના ૧૦/૧૫ વાગ્યાના સુમારે જુહાપુરા રોયલ અકબર ટાવરમા આવેલ એચ.ડી.એફ.સી. બેંકના એટીએમ મશીનમાંથી નાણા ઉપાડવા ગયા હતા ત્યારે કોઈ અજાણ્યા પુરૂષએ એ.ટી.એમ.ની અંદર આવી "તમારુ ટ્રાન્ઝેકશન અધુરુ છે" તેમ કહેતા મકબુલહુસૈન એ ફરીથી ડેબિટ કાર્ડ મશીનમા નાંખતા, આ અજાણ્યા પુરૂષએ જણાવેલ કે "લાવો હુ પુરૂ કરી આપુ" તેમ કહિ થોડીવારમા મકબુલહુસૈનની નજર ચુકવી તેમનુ અસલ ડેબિટ કાર્ડ બદલી અન્ય ડેબિટ કાર્ડ આપી, મકબુલહુસૈનના ખાતામાંથી એ.ટી.એમ. દ્વારા રૂપિયા ૯૦,૦૦૦/– તથા પી.ઓ.એસ. દ્વારા ત્રણ ટ્રાન્ઝેકસન દ્વારા રૂપિયા ૨,૭૯,૦૦૦/– મળી કુલ રૂપિયા ૩,૬૯,૦૦૦/– બેંક ખાતામાંથી મેળવી લઈ મકબુલહુસૈન સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.કે.દેસાઇ ચલાવે છે.

ક્રાઇમ બ્રાંચઃ કમલકાંત ડીપ્ટીરામ સિંગલા (ઉ.વ.૫૧)(રહે. શ્યામ એન્કલવ, મેવાડા પાર્ટી પ્લોટ સામે, નવા નરોડા) એ તા.૨૩/૦૬/૨૦૨૬ ના રોજ ક્રાઇમ બ્રાંચ ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૯/૦૫/૨૦૨૬ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે અજાણ્યા મોબાઈલ નંબર (૧) ૬૩૫૩૭૦૯૮૪૪ (૨) ૮૨૦૦૧૧૮૬૮૯ (૩) ૮૭૯૯૮૩૨૭૩૭ (૪) ૯૧૦૬૧૩૮૪૨૪ તથા તેમની સાથેના અન્ય વ્યક્તિઓએ ભેગામળી કમલકાંત સિંગલાના મિત્ર સંજય શીવપાલ ગોયેલ પાસેથી રૂપિયા પડાવવાના ઈરાદે કમલકાંતના રેફરન્સથી તેમનો વિશ્વાસ અને ભરોસો કેળવી, તેમની પાસેથી અમદાવાદમાં બાપુનગર, નારોલ તથા આણંદ ખાતેની રમેશ કાંતીલાલ આંગડીયા પેઢીમાંથી કુલ રોકડ રૂપિયા ૮૫,૦૦,૦૦૦/– મેળવી લઈ, જેમાંથી રૂપિયા ૩૫,૦૦,૦૦૦/– કમલકાંત સિંગલાને આપી બાકી લેણા રૂપિયા ૫૦,૦૦,૦૦૦/– સંજય શીવપાલ ગોયેલને નહી ચુકવી તમામે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી.આ ગુનાની તપાસ પોસઇ.શ્રી જે.સી.દેસાઇ ચલાવે છે

ઘરફોડ ચોરીઃ– **સમાચાર ચાદી નં.૮૮૩/૨૦૨૬**

ચાંદખેડાઃ ડૉ.રાજેન્દ્ર સોમેશ્વર આનંદ (ઉ.વ.૬૫)(રહે. ગ્રીનલેન્ડ એવન્યુ સેકટર–૨/એ ગાંધીનગર) એ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૩/૦૬/૨૦૨૬ કલાક ૨/૩૦ થી ૩/૧૫ વાગ્યા દરમ્યાન ભાટ ગામ સામે મધર ડેરી પાસે આવેલ કાનોરિયા હોસ્પીટલ એન્ડ રિસર્ચ સેન્ટરમાં આવેલ ચેરમેનની ઓફીસના દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઓફીસમાં પ્રવેશ કરી, તિજોરીમાંથી સોનાની ગીન્ની નંગ–૨૦, સોનાની હનુમાનજીની મુર્તી, ટેબલના ડ્રોઅરમાથી ચાંદીના સિક્કા નંગ–૨૦, ઓફીસના ટેબલ ઉપર રાખેલ બુધ્ધ ભગવાનનો સિક્કો અને ગિટાર તેમજ તિજોરીમાંથી રોકડ રૂપિયા ૨,૦૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૯,૦૦,૦૦૦/– મતાની ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી.કે.ભુતિયા ચલાવે છે.

ઈસનપુરઃ મેહબુબખાન મોહમદએહમદખાન પઠાણ (રહે.રસ્લાબાદ રહેમાની કોલોની સામે, શાહઆલમ રસુલાબાદ ઈસનપુર) એ તા.૨૩/૦૬/૨૦૨૬ ના રોજ ઈસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૨/૦૬/૨૦૨૬ રાતના ૧૧/૦૦ થી તા.૦૩/૦૬/૨૦૨૬ સવારના ૯/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી ઘરમાંથી (૧) સોના–ચાંદીના દાગીના કિંમત રૂપિયા ૧,૩૯,૨૦૦/– (૨) મોબાઈલ ફોન કિંમત રૂપિયા ૧૦૦૦/– અને રોકડા રૂપિયા ૧૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૧,૫૦,૨૦૦/– મતાની ચોરી કરી લઈ ગઈ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી સી.એલ.રબારી ચલાવે છે.

ઓઢવઃ નિલેશભાઈ હરેશભાઈ પંચાલ (રહે.નારાયણ રેસીડેન્સી ગોકુલ બંગ્લોઝની બાજુમા નિકોલ કેનાલ રોડ નિકોલ) એ તા.૨૩/૦૬/૨૦૨૬ ના રોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૮/૦૬/૨૦૨૬ રાતના ૧૧/૦૦ થી તા.૧૯/૦૬/૨૦૨૬ સવારના ૯/૦૦ વાગ્યા દરમ્યાન ઓઢવ ભીક્ષુક ગૃહ પાછળ વિજય એસ્ટેટની બાજુમાં હરીઓમ એસ્ટેટમા આવેલ શેડ નં.૪૦ "મેકવે વાલ્સ" નામના કારખાનાના માળિયાનો દરવાજો ખોલી અજાણી વ્યક્તિ કારખાનામાં પ્રવેશ કરી, કારખાનામાંથી કાર્બાઈટ ડ્રીલ્સ અને કાર્બાઈટ એનમીલ્સના છુટક ટુકડા આશરે ૧૨૭ કિલોગ્રામ કિંમત રૂપિયા ૧૧,૪૩,૦૦૦/– મતાની ચોરી કરી લઈ ગઈ હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી પી.એન.ઝિંઝુવાડીયા ચલાવે છે.

<u>ચોરીઃ–</u> **<u>સમાચાર ચાદી નં.૮૮૪/૨૦૨૬</u>**

કાગડાપીઠઃ ખેંગારભાઇ મખાભાઇ ખેર (રહે.શાયોના કૃપા બંગ્લોઝ, દેવ સીટી પાછળ, ઘાટલોડિયા) એ તા.૨૩/૦૬/૨૦૨૬ ના રોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે જી– બોટાદ તા–બરવાળા ગામ–વૈયા ખાતે રહેતી ખેંગારભાઈની ભાણી તા.૨૦/૦૬/૨૦૨૬ બપોરના ૧૨/૩૦ વાગ્યાના સુમારે ગીતા મંદીર બસ સ્ટેશન પ્લેટ ફોર્મ નં–૦૨ ખાતે બસમાં ચઢતી હતી ત્યારે અજાણી વ્યક્તિએ નજર ચુકવી ખેંગારભાઈની ભાણી પાસેનું બેગ કાપી, બેગમાંથી સોનાની બુટી કિંમત રૂપિયા ૩૫,૦૦૦/– અને રોકડ રૂપિયા ૧૦,૦૦૦/– ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.ડી.પટેલ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી